# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-01-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## સ્વામિત્વ યોજના:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે વર્ચ્યુઅલ માધ્યમથી સ્વામિત્વ યોજના હેઠળ દેશભરમાં 65 લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કર્યું. દસ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોના 50 હજારથી વધુ ગામડાઓમાં પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ કહ્યું કે સ્વામિત્વ યોજના લાગુ થયા પછી, છેલ્લા પાંચ વર્ષમાં 2 કરોડ 25 લાખથી વધુ મિલકતના દસ્તાવેજો કરાયા છે. શ્રી મોદીએ કહ્યું કે યોગ્ય દસ્તાવેજના કારણે મિલકતના વિવાદોનો અંત આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છ જીલ્લાના ત્રણ તાલુકાના 12 ગામના 1,174 લાભાર્થીને પ્રોપર્ટીકાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. કચ્છ જિલ્લાના કુલ 863 ગામનો સ્વામિત્વ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

**--------------------------------------------------------------------------------**

## P.M-મન કી બાત:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સાથે પોતાના વિચારો રજુ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમનો ૧૧૮મો એપિસોડ હશે.**

**આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝઓનએર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. તેનું લાઇવ સ્ટ્રીમિંગ આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની**

**યુટ્યુબ ચેનલો પર પણ કરવામાં આવશે. આકાશવાણી હિન્દી પછી તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરશે.**

---

## ગૃહમંત્રી અમિતિ શાહની આંધ્રપ્રદેશ મુલાકાત-:

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે આંધ્રપ્રદેશના વિજયવાડામાં રાષ્ટ્રીય આપત્તિ પ્રતિક્રિયા દળ એટલે કે NDRFના 20મા સ્થાપના દિવસની ઉજવણીમાં ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે, ગૃહમંત્રી 200 કરોડ રૂપિયાથી વધુની પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાસ્ટર મેનેજમેન્ટની દક્ષિણીય પરિસર, NDRFની 10મી બટાલિયનના કેમ્પસ અને સુપૌલમાં પ્રાદેશિક પ્રતિભાવ કેન્દ્રના પરિસર સહિત ત્રણ મહત્વના કેન્દ્રોનું ઉદ્ઘાટન કરાશે.

---

## પ્રયાગરાજ મહાકુંભ:

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં મોટી સંખ્યામાં ભક્તો અને યાત્રાળુઓ પહોંચી રહ્યા છે. અત્યાર સુધીમાં મહાકુંભમાં 7 કરોડ 72 લાખથી વધુ ભક્તોએ પવિત્ર ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવી છે. મહાકુંભથી સમગ્ર  ઉત્તર પ્રદેશના પર્યટનને પ્રોત્સાહન મળી રહ્યું છે.

---

## ટાકાના ભાવે ખરીદી:

રાજ્ય સરકાર દ્વારા રવી માર્કેટિંગ સિઝન 2025-26 અંતર્ગત 2 હજાર 425 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરાશે. આ માટે 13 જાન્યુઆરી સુધીમાં રાજ્યભરમાંથી 33 હજાર 863 ખેડૂતોએ નોંધણી કરાવી છે. હાલમાં પણ ઑનલાઈન નોંધણી પ્રક્રિયા કાર્યરત છે.

પહેલી માર્ચથી શરૂ થનારી ઘઉંની ખરીદી માટે 194 ખરીદ કેન્દ્ર અને વિવિધ જિલ્લાઓમાં તાલુકાકક્ષાએ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાતે 20 નવા ખરીદ કેન્દ્ર એમ કુલ 214 ખરીદ

કેન્દ્ર શરૂ કરાશે. નોંધણી બાબતે કોઈ મુશકેલી જણાય તો હેલ્પલાઈન નંબર 85111 71718 તથા 85111 71719 ઉપર સંપર્ક કરવા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમની યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------

## ખો-ખો વર્લ્ડ કપ:

ભારતીય પુરુષ અને મહિલા ટીમએ ખો-ખો વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કરી ફાઇનલમાં સ્થાન મેળવી લીધું છે. આજે ફાઇનલમાં તેઓ નેપાળ સાથે ટકરાશે. ગઈકાલે એક રોમાંચક મેચમાં પુરુષ ટીમે દક્ષિણ આફ્રિકાને 62-42 ના માર્જિનથી હરાવ્યું. રમતના પહેલા તબક્કામાં દક્ષિણ આફ્રિકાએ મજબૂત શરૂઆત કરી હતી, પરંતુ ભારતે બીજા તબક્કામાં શાનદાર વાપસી કરી હતી. ભારતના ગૌતમ એમ.કે.ને શ્રેષ્ઠ ખેલાડી જાહેર કરવામાં આવ્યા હતા. બીજી તરફ, ભારતીય મહિલા ટીમે પણ સેમિફાઇનલમાં દક્ષિણ આફ્રિકા સામે 66-16ના મોટા અંતરથી જીત મેળવી હતી.

---------------------------------------------------------------------------------------

## GPSC સામાન્ય અભ્યાસક્રમ:

ગુજરાત જાહેર સેવા આયોગ એટલે કે, GPSC દ્વારા વર્ગ એક અને 2ની પરીક્ષામાં સામાન્ય અભ્યાસનો એક જ અભ્યાસક્રમ અમલી રહેશે. અત્યાર સુધી GPSCની વિવિધ પરીક્ષા માટે સામાન્ય અભ્યાસના વિષયમાં વિવિધ અભ્યાસક્રમ અમલી હતો.

---------------------------------------------------------------------------------------

## હવામાન:

જિલ્લામાં મકરસંક્રાતિ પછી પણ શિયાળાની કડકડતી ઠંડી યથાવત રહી છે. શિત મથક તરીકે જાણીતા નલિયામાં ગઈકાલે લઘુતમ તાપમાન 8.6 ડિગ્રી નોંધાયું છે, જ્યારે જિલ્લા મથક ભુજમાં 12.4 ડિગ્રી તાપમાન નોંધાયું છે.

વાગડ વિસ્તારમાં પણ ઠારના કારણે ગ્રામજનોને ઠંડીનો સખત અનુભવ થઈ રહ્યો છે. કંડલામાં લઘુતમ તાપમાન 16 ડિગ્રી અને મહત્તમ તાપમાન 26 ડિગ્રી નોંધાયું છે.

-----------------------------------------------------------------------------------------